**ગુજરાત યુનિવર્સિટી**
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯
ગુજરાત, ઇન્ડિયા
ફેક્સ:(૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન:૨૬૩૦૧૩૪૧-૦૩૪૨-૦૩૪૩-૦૧૨૬

NAAC Grade A+

**GUJARAT UNIVERSITY**
Office of the Gujarat University,
Post Box No. 4010, Navrangpura,
Ahmedabad-380009
Gujarat, India
www.gujaratuniversity.ac.in
Fax:(079) 26302654
Telephone:26301341-0342-0343-0126

નં.આર/ ૫૬૨૭૫/૨૦૨૬ તારીખ: ૧૭/૦૭/૨૦૨૬

પ્રતિ,
આચાર્યશ્રી / નિયામકશ્રી / વિભાગીય વડાશ્રીઓ,
ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો /માન્ય સંસ્થાઓ /વિભાગો

**વિષય:** વર્ષ ૨૦૨૬-૨૭ના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના ફરજિયાત ABC/APAAR ID બનાવવા તથા મેળવવા બાબત.
**સંદર્ભ:** માન. કમિશનરશ્રી અને સી.ઈ.ઓ., કે.સી.જી. (KCG) ના તા. ૧૦/૦૭/૨૦૨૬ના પત્ર ક્રમાંક: KCG/Digi locker/849

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે સવિનય જણાવવાનું કે, સંદર્ભિત પત્ર અનુસાર રાજ્યની તમામ સરકારી, ખાનગી અને સેક્ટોરલ યુનિવર્સિટીઓ તથા ઓટોનોમસ કોલેજોએ વર્ષ ૨૦૨૬-૨૭માં પોતાની સંસ્થામાં થયેલ એનરોલમેન્ટની સામે તમામ વિદ્યાર્થીઓના ૧૦૦% ABC/APAAR ID Create / Capture કરવાની સૂચના આપવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સિટીમાં એનરોલમેન્ટ કરતી વખતે ફોર્મમાં વિદ્યાર્થીઓ માટે ABC/APAAR ID દર્શાવવો ફરજિયાત છે. જેથી, આપશ્રીને એનરોલમેન્ટ ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓના ABC/APAAR ID સરળતાથી મળી રહે તે હેતુથી, તા. ૩૧/૦૭/૨૦૨૬ સુધીમાં પ્રથમ વર્ષના તમામ વિદ્યાર્થીઓના ABC/APAAR ID મેળવી લેવા જણાવવામાં આવે છે. જો કોઈ વિદ્યાર્થી પાસે ABC/APAAR ID ન હોય તો સત્વરે તેમના નવા ABC/APAAR ID બનાવડાવી દેવા નમ્ર વિનંતી છે.

આ ઉપરાંત, ABC/APAAR IDમાં વિદ્યાર્થીનું નામ ધોરણ-૧૨ની માર્કશીટ પ્રમાણે જ હોય તે ખાસ ચકાસી લેવું. જો તેમ ન હોય તો, અત્યારથી જ વિદ્યાર્થીઓને આધાર કાર્ડમાં ધોરણ-૧૨ની માર્કશીટ મુજબ નામ સુધરાવી લેવાની સૂચના આપવા નમ્ર વિનંતી છે.

-SD/-
કા. કુલસચિવ